वर्ष : १०　　सने : २०१८　　सं.२०७४
अंक : १२, સળંગ અંક -૭૩　વૈશાખ एप्रिल

Published on Date 22 every month

# ધર્મદૂત (માસિક)

વર્ષ : ૧૦ સને ૨૦૧૮ સં.૨૦૭૪

અંક : ૧૧ / માર્ચ ચૈત્ર સળંગ અંક-૭૨


**: લેખક - પ્રેરક :**

જ્ઞાનનિધિ ચારિત્રરત્ન પૂજ્યપાદ

**પંન્યાસશ્રી પદ્મવિજયજી ગણિવરના**

પ્રથમ શિષ્યરત્ન પૂજ્યપાદ

ધર્મતીર્થપ્રભાવક, ગચ્છસ્થવિર,

અખંડબાલબ્રહ્મચારી, સિદ્ધાંતસંરક્ષક,

આચાર્યદેવ શ્રીમદ્

**વિજયમિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા**


**: માનદ સંપાદક :**

**અને**

**: પત્ર વ્યવહાર :**

**જ્યોતીન્દ્રભાઈ જે. શાહ**

૩-બી, કંચનતારા એપાર્ટમેન્ટ,

જૈનનગર, સુવિધા શોપિંગ સેન્ટર પાછળ,

પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.

ફોન : (R) 26650626

(M) 9824252978



**: લવાજમ :**

**વાર્ષિક રૂ. 151-00**

**આજીવન રૂ. 1000-00**

**પેટ્રન રૂ. 2000-00**


**આ અંકમાં.....**


- ★ સમાધિસુવર્ણ પર્વ
- ★ મહાનજ્યોતિર્ધરની વિદાય
- ★ ઉછારામણીનો ઉછરંગ
- ★ અદ્‌ભુત સ્મશાનયાત્રા
- ★ અનુમોદનાનો અમૃતથાળ
- ★ મસૂરતીર્થનો સંક્ષિપ્ત ઈતિહાસ


## આર્ષવાણી

**दुष्टानां भूपतिः शत्रुः,**

**कुलटानां प्रतिव्रता ।**

**साधुः खलानां शत्रुः**

**स्यान्-मूर्खाणां**

**पणिडतो रिपुः।।**

દુષ્ટજનો માટે રાજા દુશ્મન છે, કુલટા સ્ત્રીઓ માટે પ્રતિવ્રતા સ્ત્રી શત્રુ છે. દુર્જનો માટે સાધુ એ દુશ્મન છે. પંડિતપુરુષ મૂર્ખ માણસોનો દુશ્મન છે.

અણવિવાદ(નંદા) એ મહાપાપ છે, નરકમાં ખેંચી જનાર છે. ગુણોનો ઘાત કરનાર છે. તેથી હે ભાગ્યશાળી ! તેનો ત્યાગ કર.



## ★ સમાધિસુવર્ણ પર્વ ★★★

**સંકલન : શ્રીધર્મમિત્ર**

આકાશમાં રાત્રિમાં ચમકતા સિતારાની જેમ, જિનશાસનની નભોભૂમિમાં ચમકતા સિતારાઓનો તોટો નથી. એમાંના એક સિતારાને આકાશમાંથી ખર્યાને આજે ૫૦ વર્ષ પૂર્ણ થવાના આરે છે. આ સિતારાએ જિનશાસનના આકાશને યશ અપાવ્યો છે ! જિનશાસનના નભોમંડળને પ્રકાશિત કરવા સાથે ગુરુપરંપરાને તથા શિષ્યપરંપરાને પણ યશોવાદથી હર્યું-ભર્યું બનાવ્યું છે ! સંસારી કંઈ-કેટલીય પેઢીઓને, ઈતિહાસની ક્ષિતિજ પર ચમકાવ્યું છે ! યશોવાદના નિર્માતા માળી-ઝવેરી-જાદુગરને લગભગ એક વર્ષથી આ લેખમાળાના માધ્યમથી માણી રહ્યા છીએ.

જન્મ-જીવન અને મૃત્યુ : આ ત્રણ વાતો સૌને સ્પર્શતી હોવા છતાં આ મહાપુરુષ-વિરલપુરુષના આત્મા માટે આ ત્રણે ચીજો વિરલ જ ગણાશે. એમાંય જન્મ કરતાં જીવન અને જીવન કરતાં મૃત્યુ ચઢિયાતું હતું ! સૌને ડરાવનારું - અનિચ્છનીય મોત ! એના ઉપર વિજય મેળવનારો જ વીર ગણાય છે. મહાપુરુષની હરોળમાં તેઓ જ આવી શકે છે. જન્મ કદાચ પોતાના હાથમાં નથી પરંતુ જીવન અને મૃત્યુ તો પોતામા હાથમા છે. એને માણવાનું - રંગવાનું - ઓપ આપવાનું કાર્ય કરનારો આત્મા જ સિદ્ધિના મહામાર્ગે ડગ માંડી શકે છે. લૌકિક કે લોકોત્તર રીતે બિરદાવવા યોગ્ય જીવન જીવનારા જગતમાં ઘણા મળશે પરંતુ બિરદાવવા યોગ્ય મૃત્યુને ભેટનારા કેટલા મળશે ? આવા પરમસમાધિ મૃત્યુને વરેલા મહાન-વિરલ-લોકોત્તર પુરુષ એટલે મરુધરરત્ન (માત્ર મરુધરનું જ નહિ, ભરતક્ષેત્રનું વિશિષ્ટરત્ન કહી શકાય) સચ્ચારિત્રચૂડામણિ, સિદ્ધાંતમહોદધિ, કર્મસાહિત્યનિપુણમતિ, યુગ-યુગ સદૈવસ્મરણિય પૂજ્યપાદ આચાર્યવર્ય **શ્રીમદ્‌વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજા!**

નામ જેવા ગુણના ધારક હોવા છતાં ક્યારેક શાસ્ત્રને ચૂસ્ત વળગી રહેલા તે મહાપુરુષ ચારિત્રના કટ્ટર રાગી હતા, તો અચારિત્રથી તેટલા જ ખફા પણ હતા. તેઓનો જ્ઞાન - દર્શન - ચારિત્રનો પ્રેમ તથા ત્યાગપ્રેમ અપાર-અથાગ હતો. આશ્રિતોના હિતની સદા ચિંતા કરનારા આ પુણ્યપુરુષને લાખ-લાખ નમસ્કાર, કોટિ કોટિ વંદન.

વાંચો, એ મહાપુરુષની સમાધિ તથા સમાધિમૃત્યુની ઘટનાને.

**- વિજયભવ્યદર્શનસૂરિ**

# સમાધિની સરિતામાં સ્નાન-૨

પૂજ્યપાદ કરુણાનિધિ આચાર્યદેવને આ સમાચાર મળતાં તુરત જ સિરોહીના વકીલ શ્રી પુખરાજજી સિંઘી આદિ કાર્યકર્તાઓને બોલાવીને આ અંગે યોગ્ય વ્યવસ્થા કરવા સૂચના કરી. કાર્યકરોએ પૂજ્યશ્રીની આજ્ઞા શિરસાવંદ્ય કરીને અલ્પ સમયમાં જ અનોપ મંડળની કારવાહી સ્થગિત કરાવી નાખી.

પાર્લાથી શ્રીયુત રતિલાલભાઈ નાણાવટી પૂજ્યશ્રીની સેવામાં ઉપસ્થિત થયા. વંદન વિધિ કરીને તેઓએ પૂજ્યશ્રીને પ્રાર્થના કરી. સાહેબ ! પાર્લામાં મારા તરફથી બંધાતું જિન-મંદિર તૈયાર થવા આવ્યું છે. મારી ઈચ્છા છે કે જિનાલયની પ્રતિષ્ઠા આપશ્રીના વરદ હસ્તે જ થાય. આપશ્રી પધારવા કૃપા કરો.

'રતિભાઈ તમારી ભાવના સુંદર છે,' પણ હાલ મારું સ્વાસ્થ્ય બરાબર રહેતું નથી. ડૉક્ટરોએ વિહાર કરવા માટે સ્પષ્ટ મના કરી છે. સાધુઓ સ્ટ્રેચરમાં બેસાડીને મુંબઈ લઈ જાય તે પણ ઉચિત નથી. તેથી તમે પ્રતિષ્ઠાનું કાર્ય સુયોગ્ય આચાર્યાદિ મુનિવર પાસે કરાવો એ જ ઠીક રહેશે.'

'મારી હાર્દિક ભાવના તો આપશ્રીનાં કરકમળોથી પ્રતિષ્ઠા કરાવવાની છે, છતાં સ્વાસ્થ્યનાં કારણે આપશ્રી પધારી શકો તેમ નથી. તેથી મને અત્યંત દુઃખ થાય છે, પરંતુ અન્ય કોઈ ઉપાય નથી. છતાં આપ કૃપાળુ આશીર્વાદ સાથે વાસક્ષેપ આપવા કૃપા કરશો ; એવી મારી પ્રાર્થના છે.' પરમ ગુરુદેવે રતિભાઈના મસ્તકે વરદ હાથ પસારીને શુભાશીર્વાદ આપ્યો અને સૂરિમંત્ર મંત્રિત વાસક્ષેપ પ્રદાન કર્યો. રતિભાઈનું મન પ્રસન્ન બન્યું.

જાવાલના આ ચાતુર્માસમાં પૂજ્યશ્રીએ એકવાર છાતીમાં ભયાનક દુઃખાવો ઉપડ્યો. ત્રણ ત્રણ કોથળીઓનો એક સાથે શેક ચાલુ રહેવા છતાં વ્યાધિ શાંત ન બની , છતાં પૂજ્યશ્રીની સમાધિ અપૂર્વ હતી. મુનિવરો સેવા કરવા આવે ત્યારે કૃપા સાગર કહેતા.

'ભાઈ ! અનેકાનેક કર્મોથી હું દબાયેલો છું. તું હવે મને વધુ કયાં દબાવે છે. તમે તો ભક્તિ કરીને પુણ્યોપાર્જન કરશો પરંતુ મારે તો બંધન થશે ને ? આ શબ્દ છે જૈન જગતના સમર્થ જ્યોતિર્ધર ત્રણસો મુનિગણના નેતા પૂજ્યપાદ આચાર્ય



ભગવંતશ્રીના....એક એક શબ્દમાં કેવી નિખાલસતા ભરી છે ?' પાપનો ડર દેખાય છે ? આનું જ નામ ભવભીરુતા.

ચાતુર્માસની પૂર્ણાહુતિ થતાં જાવાલની આસપાસના અનેક ગામના સંઘોએ પૂજ્યશ્રીને પોત-પોતાના ગામમાં પધારવા વિનવણી કરી. પૂજ્યશ્રીની અસ્વસ્થતા જોતાં મુનિ મંડળની અનિચ્છા છતાં પૂજ્યશ્રીએ સં.૨૦૨૦ ના કાર્તક વદ ૭ના જાવાલથી વિહાર કર્યો. બરલુટમાં સ્વાગતાદિ કાર્યક્રમ ઉજવાયો. બીજા દિવસે મંડવારિયા પધારતાં, પંન્યાસપ્રવર શ્રી રામવિજયજી મ. ડહેલાવાળા પ્રમુખ ચતુર્વિધ સંઘે પૂજ્યશ્રીનું ભવ્ય સામૈયું કર્યું. મંડવારિયા સંઘે અષ્ટાહ્નિક મહોત્સવ અને ગોડીજીના સંઘ માટે પૂજ્યશ્રીને પ્રાર્થના કરી, પણ પ્રાર્થના સ્વીકૃત ન બની.

કાર્તક વદ ૧૧ના સમણાતીર્થમાં પૂજ્યપાદશ્રીનું પદાર્પણ થતાં જાવાલથી સેંકડો ભાગ્યવાનો સમણા આવી પહોંચ્યા. શ્રી મૂલચંદજી જીવાજી તરફથી સાધર્મિક ભક્તિ-પૂજા, વ્યાખ્યાનાદિ સંપન્ન થયાં. દેસુરી નિવાસી શ્રી કેસરીમલજી રૂપચંદજીએ પોતાના ઉપધાન માટે ત્રણ કલાક પૂજ્યશ્રીને વિનંતિ કરી, પણ સ્વાસ્થ્ય પ્રતિકૂળ જોતાં વિનંતિનો સ્વીકાર ન થયો. અંતે પૂજ્ય મુનિવર શ્રી જિનપ્રભવિજયજી મને દેસુરી જવા આજ્ઞા કરી.

કારતક વદ ૧૩ના શિયાણા ગામમાં સસ્વાગત શુભાગમન થયું. શિયાણા ગામમાં બધા જૈનો ત્રિસ્તુતિક સંપ્રદાયના હોવા છતાં ગામના આબાલ ગોપાલને પૂજ્યશ્રી પ્રત્યે અનુપમ ભક્તિ ભાવ હતો. અહીં પહેલાં ઉપધાન તપ થયેલું પણ ઉપધાનની માળાનું દ્રવ્ય સામાજિક કાર્યમાં વપરાયેલું હતું. પૂજ્યશ્રીએ પ્રેરણા કરીને પુનઃ તે દ્રવ્ય દેવદ્રવ્યમાં જમા કરાવ્યું.

શિયાણામાં પુનઃ દુઃખાવો ઊપડતાં અન્ય કાર્યક્રમ રદ કરીને શીઘ્ર પિંડવાડા તરફ વિહાર લંબાવ્યો. પાડીવ અને ગોહીલીમાં મતભેદ મિટાવીને માદરે વતન પિંડવાડામાં આગમન થયું. સં.૨૦૨૦ના પોષ વદ ૧ના પૂજ્યપાદશ્રીના પ્રથમ પટ્ટાલંકાર પરમ શાસનપ્રભાવક આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજનું આગમન થતાં સંઘમાં ભારે હર્ષાનંદ છવાયો. પૂજ્ય ગુરુદેવશ્રી સાથે શાસન અંગેની કેટલીક મહત્ત્વની વિચારણાઓ કરીને વદ ૭ના પૂજ્ય

આચાર્યદેવશ્રીએ અમદાવાદ તરફ વિહાર કર્યો.

તિથિ ચર્ચાના નામને આગળ કરીને કેટલાક સાધુઓ અને શ્રાવકોએ સંઘમાં તોફાન મચાવી મૂક્યું હતું. આરાધક પુણ્યાત્માઓનાં દિલમાં આ પ્રસંગને લઈને ભારે વિમાસણ ઊભી થઈ રહી હતી. ચર્ચાના મેદાનમાં પૂજ્યપાદશ્રીનો પક્ષ વિજયી નિવડ્યો હોવા છતાં અને સાચો હોવા છતાં સામો પક્ષ સમાધાન માટે કે એકતા માટે જરાય તૈયાર ન હતો. છતાં સંઘની શાંતિને લક્ષમાં રાખીને પૂજ્યપાદ ગચ્છાધિપતિ ગુરુભગવંતશ્રીએ પોતાના પટ્ટાલંકાર પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજા સાથે વિચાર - વિનિમય કરીને પટ્ટકરૂપે એક જાહેરાત કરી.

'જુદા જુદા શ્રમણ સમુદાયના પદસ્થોએ તિથિદિન અને પર્વારાધન બાબતમાં શ્રીસંઘ માન્ય પંચાગમાં બતાવેલી સર્વ પર્વાપર્વ તિથિઓની ક્ષય-વૃદ્ધિ યથાવત્ માન્ય રાખીને આપણે જે રીતે એ ઉદયમ્મિ તથા ક્ષયે પૂર્વાના નિયમ અનુસાર તિથિદિન અને આરાધના દિન નક્કી કરીએ છીએ તે શાસ્ત્રાનુસારી તેમજ શાસ્ત્ર માન્ય પ્રાચીન પરંપરાનુસારી છે. લવાદી ચર્ચામાં તેવા પ્રકારનો નિર્ણય આવી જ ગયો છે. આમ છતાં પણ અભિયોગાદિ કારણે, અપવાદ પદે પટ્ટકરૂપે આપણે નિર્ણય કરીએ છીએ કે, ભવિષ્યમાં સકળ શ્રી શ્રમણસંઘ એક મતે આ બાબતનો શાસ્ત્રીય સર્વ માન્ય નિર્ણય કરી તેને અમલી બનાવે નહિ ત્યાં સુધીને માટે, શ્રી સંઘ માન્ય પંચાગમાં જ્યારે જ્યારે પૂનમ-અમાસની ક્ષય વૃદ્ધિ આવે ત્યારે ત્યારે તેરસની ક્ષય વૃદ્ધિ કરવી કે જેથી સકલ શ્રી સંઘમાં ચૌદસ-પૂનમ અને અમાસની આરાધનાની ક્રિયા એક જ દિવસે થાય. આ એક અપવાદિક આચરણા છે. માટે શ્રી સંઘ માન્ય પંચાંગમાં જ્યારે જ્યારે ભાદરવા સુદી પાંચમની ક્ષય-વૃદ્ધિ આવે ત્યારે ત્યારે ક્ષય-વૃદ્ધિ કાયમ રાખીને જ પંચાંગની ઉદયાત્ ભાદરવા સુદી ચોથે શ્રી સંવત્સરી કરવાની અને તે જ પ્રમાણે બાકીની ૧૨ પર્વી માટેની તિથિઓ તથા કલ્યાણક આદિની સર્વતિથિઓ પણ પંચાંગમાં બતાવ્યા મુજબ માન્ય રાખીને જ આરાધના કરવાની છે. આ પટ્ટક મુજબ આપણે તથા આપણા આજ્ઞાવર્તી સર્વ સાધુ સાધ્વીએ, ઉપર જણાવ્યા મુજબનો શ્રી સંઘનો નિર્ણય થાય નહિ ત્યાં સુધી આ પ્રમાણે જ વર્તવાનું છે.'



# મહાનજ્યોતિર્ધરની વસમી વિદાય

**અસ્ત થયો સહસ્ત્રરશ્મિ. ...!**

જીવનનો અંતિમ દિવસ...!

ગોઝારી રાત વૈશાખ વદ ૧૧ની...!

'જય ઘોષ વિજય...! આ મકાનમાં માંકડ વધી ગયા છે. તેથી મારે આજે આ મકાન બદલવાનું છે.' ખરેખર ઉપાશ્રયમાં માંકડનો ઉપદ્રવ વધ્યો હતો....પરંતુ રોજ કરતાં આજે વધુ સુપ્રસન્ન દેખાતા પૂજ્યપાદશ્રીની રહસ્યભરી આ વાત સમજવાનો કોણ પ્રયત્ન કરે ...?

પૂજ્યપાદશ્રીની આજ્ઞા માન્ય કરીને મુનિવરોએ બે-ત્રણ મકાન જોયાં પણ પસંદ ન પડ્યાં તેથી પૂજ્યશ્રીનું આસન બીજા હોલમાં લઈ ગયા...ત્યારે પુનઃ પૂજ્યશ્રીએ સંકેત કર્યો....'કંઈ નહિ તમે તો હૉલ જ બદલ્યો ને ? પણ મારે તો ઘર બદલવાનું છે....'

આજે કૃપાસાગરનું સ્વાસ્થ્ય ખૂબ જ સુંદર હતું....ભક્ત મુનિવરોનાં દિલ અપાર પ્રસન્નતા અનુભવી રહ્યાં હતાં. આખો દિવસ તેઓશ્રીએ ખૂબ જ સ્વસ્થતાથી જ્ઞાન, ધ્યાન અને જૈન સંઘને વિશાળ શ્રમણ સમુદાયની હિત ચિંતા ને પ્રેરણામાં જ પસાર કર્યો ? વંદન કરવા આવતા દરેક સાધુઓને વાત્સલ્યભર્યા શબ્દોમાં કંઈ ને કંઈ પ્રેરણા આપતા રહેતા !

સવારના ૮ વાગે મુનિરાજ શ્રી કીર્તિચન્દ્ર વિજયજી મ.ને સૂચના કરી 'તું જયઘોષવિજય પાસે 'કર્મ પ્રકૃતિ ચૂર્ણિ બરાબર વાંચી લે અને જેસલમેરના ભંડારમાંથી પ્રાપ્ત થયેલ અપ્રગટ પૂ.મુનિચંદ્ર સૂરિ મહારાજ કૃત 'સંસ્કૃત ટીપ્પન' સહિત કર્મ પ્રકૃતિ ચૂર્ણિનું વ્યવસ્થિત રીતે સંપાદન કરવાનું કાર્ય શરૂ કરી દે' !

બપોરના બાર વાગે ભક્ત બાલશિષ્યોનો હાથ ઝાલીને પૂજ્યપાદશ્રી મકાનના બીજે છેડે આવેલા ગોચરી હૉલમાં પધાર્યા, પરમતારકશ્રીનાં દર્શન થતાં જ સહુ મુનિવરો તે જ પળે ઊભા થઈ ગયા. ૬૦-૭૦ મુનિઓની બેઠેલી એક જ ગોચરી જોઈને આત્મ સંતોષ વ્યક્ત કર્યો.

સાંજે ૬ વાગે પાસેના જ એક રૂમમાં પધરાવેલા શ્રી પાર્શ્વનાથ ભગવાનના

અંતિમ દર્શન કરીને પૂજ્યપાદશ્રી, જૈન શાળાના પાછળના હૉલમાં પધાર્યા, જ્યાં આજે આસન બદલવામાં આવ્યું હતું. આવશ્યક પ્રતિક્રમણની પૂર્ણાહુતિ થઈ. સંથારાપોરિસી ભણાવી.

રાતના લગભગ નવ વાગ્યા સુધી મધુર કંઠવાળા મુનિવરોએ નિત્યક્રમ પ્રમાણે સમાધિ વિચારના દોહરા, આધ્યાત્મિક પદો અને મહાપુરુષોનાં જીવનની ગૌરવગાથાભરી સજ્ઝાયો સંભળાવી. નવ વર્ષના નાનકડા બાળક વિજયકુમારે પણ પ્રભુ-ભક્તિનાં સુંદર ત્રણ સ્તવન સંભળાવ્યાં ! વિજયકુમારને પૂજ્યશ્રી પર દૃઢ આસ્થા હતી ! ત્યાં પૂજ્યશ્રીએ મુનિશ્રી યોગીન્દ્રવિજયજીને કહ્યું કે 'તમે મુમુક્ષુ ચુનીલાલજીને અહીં આવી જવાનો કાગળ લખી દીધો કે નહિ ?' હજી સુધી કેટલી બધી જાગૃતિ, પરોપકારવૃત્તિ અને સ્મૃતિ ! મુનિશ્રી કહે 'સાહેબજી ! 'હું ભૂલી ગયો હતો હવે પત્ર લખી દઈશ' હજુ સુધી આમ વાત ચાલે છે ત્યાં લગભગ સાડા નવ વાગ્યા....અને પૂજ્યપાદશ્રીએ સૂરિમંત્ર ગણવાની તૈયારી કરી. ત્યાં લઘુશંકા ટાળવા માટે બેઠા, પણ પ્રોસ્ટેટ ગ્લેન્ડની તકલીફથી કરાંઝવા ગયા અને શરીર પાણી પાણી થઈ ગયું. છાતીમાં ભયાનક દુઃખાવાએ ઉપાડો લીધો. દુઃખાવાની સાથે શ્વાસ પણ વધવા લાગ્યો. 'ભાઈ ! પટ લઈ લ્યો....હમણાં મને સ્વસ્થતા નથી, પછી ગણીશ.' પાસે રહેલા સાધુઓએ પટ લઈ લીધો અને પૂજ્યશ્રીને સૂવડાવ્યા.

સંયમ-જીવનના પ્રારંભથી જ પૂજ્યશ્રીની સેવા ભક્તિમાં દત્ત ચિત્ત રહેતા પૂજ્ય મુનિવર શ્રી ગુણરત્ન વિજયજી મહારાજ સમય પારખીને શાંત સુધારસની અન્યત્વ-ભાવના, જ્ઞાનસારનું વિવેક અષ્ટક અને તેના આધારે આત્મા-દેહનાં ભેદજ્ઞાનની વાતો સંભળાવવા લાગ્યા...!

રાત-દિવસ, ભૂખ-થાકની પરવાહ કર્યા વિના ગુરુદેવશ્રીની ખડે પગે સેવામાં રહેતા પૂજ્ય મુનિવર શ્રી જયસોમ વિજયજી મહારાજ ડૉકટરને બોલાવી લાવવાની સૂચના આપી આવ્યા. શ્વાસની તકલીફ વધવા લાગી !

પૂજ્યપાદશ્રીની વ્યાધિના સમાચાર ફેલાતાં જ ઉપાશ્રયમાંથી પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મ., પૂ. પં શ્રી માનવિજયજી મ., પૂ. પં શ્રી ચિદાનંદ વિજયજી મ., પૂ. પં. શ્રી હેમંત વિજયજી મ., આદિ મુનિવરો તરત દોડી આવ્યા ! ગામમાં સમાચાર ફેલાતાં સેંકડોની સંખ્યામાં ભાગ્યવાનો જૈન શાળામાં હાજર



થઈ ગયા....!

કૃપાસાગરને આરાધના કરાવવાનું અને સંભળાવવાનું ચાલુ જ હતું. સૂરિદેવ પણ ખૂબ જ સ્વસ્થતાથી સાંભળતા હતા. **एगोऽहं नत्थि मे कोई** વગેરે ગાથાઓમાં જ્યારે **सव्वं तिविहेण वोसिरियं'** પદ આવતાં જ ગુરુદેવે પોતાના બન્ને હાથે અંજલી જોડી તમામ વસ્તુઓની મમતાનો ત્યાગ કર્યો. મુખમાંથી 'વીર ! મહાવીર ! ખમાવું છું.' વગેરે શબ્દો જ નીકળતા રહ્યા. હાયવોયનું નામ નિશાન ન હતું ! વ્યાકુળતા બહુ હતી. એક મુનિ પૂજ્યશ્રીને પંખો નાખવા ગયા, ત્યાં જ પૂજ્યશ્રી બોલી ઊઠ્યા 'ભાઈ ! રહેવા દે, વાયુકાયની વિરાધના થાય.' અંત સમયે પણ કેવી જાગૃતિ ! કેવો જીવ વિરાધનાનો ડર !

ડૉ. મહેતા આવી પહોંચ્યા. શરીર તપાસ્યું. ચિંતાજનક અભિપ્રાય આપ્યો. રોગનું જોર વધે જતું હતું. બીજી બાજુ પૂજ્યશ્રીની આત્મજાગૃતિ પણ વધતી જતી હતી. તેઓશ્રીને જાણે પોતાનો અંતિમ સમય ખ્યાલમાં આવી ગયો હોય તેમ બધાની સાથે ક્ષમા-યાચના કરી લીધી.

વેદના એટલી બધી તીવ્ર થઈ ગઈ કે તેઓશ્રી સ્થિર આસને ન તો બેસી શકતા કે ન તો સૂઈ શકતા. પરંતુ મુખમાંથી 'વીર' 'વીર'નું રટણ તો ચાલું જ હતું.વચ્ચે બે ત્રણ વખત પૂછવામાં આવ્યું 'સાહેબજી ! સાવધાન છો ને ? પહેલી વાર અને બીજી વાર મોઢે થી હા કહી. ત્રીજી વાર અસહ્ય વેદનાથી મોઢે બોલી ન શક્યા પણ ઈશારાથી પોતાની જાગૃતી દર્શાવી.

પરિસ્થિતિની ભયાનકતા જોઈને પાસે જ બેઠેલા તેઓશ્રીના પ્રથમ પટ્ટધર પૂજ્ય આચાર્ય દેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે ગુરુભગવંતશ્રીના કાન પાસે મોઢું રાખીને નવકાર સંભળાવવાનું શરૂ કર્યું. બે નવકાર સંભળાવ્યા અને ત્રીજો નવકાર સંભળાવવાનું શરૂ કર્યું પણ તેમનોય કંઠ ગળગળો થવા લાગ્યો.

ક્ષણે ક્ષણે પૂજ્યશ્રીની તબિયત વધુ ભયજનક બની રહી હતી. મુનિવરોએ મહામંત્ર નવકારની ધૂન ચાલુ કરી. સુકૃત દાનની સરવાણી વહેતી મૂકી. બરાબર ૧૦ - ૪૦ મિનિટે એક હેડકી આવી........ બીજી હેડકી આવી ...... ત્રીજી હેડકી આવતાં 'વીર ! મહાવીર ......!' ના ઉદ્‌ગારો સાથે પૂજ્યપાદ પરમતારક પરમ કરુણાસાગર પરમ ગુરુપ્રવરશ્રીનો જીવન - દીપ બૂઝાઈ ગયો !!

ગુરુદેવનો આત્મા અનંતની વાટે ઊપડી ગયો ....ડૉક્ટરોએ શરીર તપાસ્યું, પણ શું મળે ? હંસલો તો હવે ઊડી ગયો હતો. પડ્યું હતું માત્ર ચોર્યાશી વર્ષ સુધી પૂજ્ય ગુરુદેવના અમર આત્માનું સંગાથી બનેલ દેહ - પિંજર ! નિશ્ચેતન શરીર !

વાતાવરણ ભયંકર દુઃખ-શોક-વ્યથાથી એકદમ ગમગીન બની ગયું. સહુના હૃદયમાં જાણે ધરતીકંપનો ભયંકર આંચકો લાગ્યો ! વજ્રાઘાત થયો ! ચારે બાજુ કરુણ કલ્પાંત મચી ગયો ! નાના - મોટા સહુ ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા હતા. કોણ કોને શાંત કરે ? જ્યારે બધા જ રડી રહ્યા હોય !

પરંતુ જિંદગીભર સદાય હસતું રહેલું સ્વર્ગસ્થ ગુરુદેવનું મુખ તો ચિરકાળની નિંદરમાં પડ્યું પણ જાણે હજીએ મરક મરક હસી રહ્યું હતું. અદ્‌ભુત સમાધિ મરણનું તેજ એ મુખારવિંદ પર ઝળહળી રહ્યું હતું !

પૂજ્ય આચાર્યદેવ શ્રી વિજયરામચંદ્રસૂરીશ્વરજી મહારાજે ધ્રુજતે હાથે ને કંપતે હૈયે ગુરુદેવશ્રીના એ પાર્થિવ-દેહને વિધિપૂર્વક વોસિરાવવાનું કર્તવ્ય બજાવ્યું. દેહ ખંભાતના સંઘને સોંપવામાં આવ્યો. જૈન શાળાના વ્યાખ્યાન હોલમાં ભક્ત શ્રાવકોએ પૂજ્યશ્રીનો દેહ પધરાવ્યો !

જૈનધર્મના સમર્થ જ્યોતિર્ધર પૂજ્ય આચાર્યભગવંત શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી મહારાજના સ્વર્ગગમનના દુઃખદ સમાચાર વાયુવેગે ફેલાતાં ખંભાત નગરપાલિકાના પ્રમુખ શ્રી રણજીતરાય શાસ્ત્રી, તાલુકા પંચાયત પ્રમુખ શ્રી વલ્લભભાઈ પટેલ, શહેર કોંગ્રેસના પ્રમુખ શ્રી વિષ્ણુભાઈ બ્રહ્મભટ્ટ વગેરે તરત જૈન શાળામાં આવી ગયા.

પૂજ્યપાદ ગુરુદેવશ્રીના પુણ્ય-દેહનાં દર્શન કરીને આ રાજકીય આગેવાનોની આંખો પણ સજલ બની ગઈ. જૈન સંઘ પોતાની મૂક સમવેદના વ્યક્ત કરી અને હવે પછીના સ્મશાન યાત્રા આદિ કાર્યોને ભવ્યરીતે પાર પાડવા માટે તન-મનથી સહકાર આપવા માંડ્યો.

જૈન સંઘના નાના મોટા સહુ તેમ જ ખંભાતના યુવાન કાર્યકર્તા શ્રી ભદ્રિકભાઈ કાંતિલાલ આ પ્રસંગને શાનદાર રીતે દીપાવવા સજ્જ બની ગયા. કુશળ કારીગરો પાસે ભવ્ય પાલખી બનાવવાનું કામ શરૂ થયું. બીજી બાજુ ભારતભરમાં આ દુઃખદ સમાચાર પહોંચાડવા માટે કોલ ઉપર કોલ, તાર ઉપર



તાર થવા માંડ્યા. રેડિયો પર અને દૈનિક પત્રોમાં સમાચાર પ્રગટ કરવાની વ્યવસ્થા કરવામાં આવી ! સમાચાર સૌપ્રથમ અમદાવાદ અને મુંબઈ પહોંચ્યા ! સહુએ ધરતીકંપ જેવો આંચકો અનુભવ્યો !

- જૈન સંઘના અગ્રગણ્ય શ્રાદ્ધવર્ય અને આણંદજી કલ્યાણજી પેઢીના પ્રમુખ શ્રીયુત કસ્તૂરભાઈ લાલભાઈએ સમાચાર પ્રાપ્ત થતાં જ ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પિત કરી શોક વ્યક્ત કર્યો...... !
- મુંબઈથી જૈનરત્ન અને ગુરુદેવશ્રીના પરમ ભક્ત શ્રાદ્ધવર્ય શ્રી રમણલાલ દલસુખભાઈ શ્રોફ, બાબુભાઈ છગનલાલ શ્રોફ, બાબુભાઈ એરોવાળા, વગેરે એરોપ્લેનમાં ખંભાત આવવા નીકળી ગયા.....!
- જૈન સંઘના જૂના અને જાણીતા અગ્રગણ્ય કાર્યકર્તા દિવંગત સૂરિદેવના આજીવન ભક્ત શ્રીયુત જીવતલાલ પ્રતાપશીએ તરત પ્લેનમાં આવવા ઘણી મહેનત કરી પણ ટીકીટ ન મળતાં મારતી મોટરે ખંભાતની દિશા પકડી.

બહારગામથી આવનારા ભક્તજનોમાં સૌ પ્રથમ રાતના અઢી વાગે અમદાવાદથી આવી પહોંચેલા ગુરુદેવશ્રીના પરમ ભક્ત શ્રીયુત રમણલાલ વજેચંદ મારતી મોટરે ખંભાત આવતાંની સાથે જ સૂરિદેવના નિર્જીવ દેહ સમક્ષ ઢગલો થઈને બેસી ગયા અને ચોંધાર આંસુએ રડ્યા.

જ્યાં જ્યાં સમાચાર પહોચતાં ગયા ત્યાં ત્યાંથી પૂજ્ય ગુરુદેવના ભક્તો, અનુયાયીઓ-જૈનસંઘો-અગ્રણ્ય કાર્યકર્તાઓનો પ્રવાહ, જે જે સાધન મળ્યું તે તે સાધન દ્વારા વહેલી તકે આવવા મંડ્યો.

## ઉછારામણીનો ઉછરંગ

આજની ઉષા ; ઉષ્મા-વિહોણી લાગતી હતી. સર્વત્ર વિષાદનું વાતાવરણ દેખાતું હતું. ક્યાંય ઊર્મિ ન હતી, અસ્મિતા ન હતી. આનંદ ને હર્ષ ન હતો. ખંભાતમાં સ્વર્ગસ્થ બનેલા સૂરિદેવના શોકમાં ખંભાતની બધી જ દુકાનો, બજારો, હોટલો, થિએટરો, કતલખાનાઓ અને મ્યુનિસિપાલિટીએ પોતાના કામકાજ બંધ રાખી સંપૂર્ણ પાખી પાળી હતી !

જૈન-શાળામાં સ્વર્ગસ્થ સૂરિદેવના અંતિમ દર્શન કરવા સાધુ સાધ્વી, શ્રાવક-

શ્રાવિકા તેમજ જૈને તરોની કાતર લાગી હતી. વાસક્ષેપ પૂજા માટે પડાપડી થતી હતી. નવકારમંત્રની અખંડ ધૂન ચાલી રહી હતી. જેમ જેમ કલાકો વીતતા ગયા તેમ તેમ જન પ્રવાહ વધતો જ ગયો !

મુંબઈ, અમદાવાદ, પિંડવાડા (પૂજ્યશ્રીની જન્મભૂમિ) વડોદરા, સુરત, છાણી, નવસારી, વાપી, સુરેન્દ્રનગર, વઢવાણ, ધ્રાંગધ્રા, હળવદ, રણપુર, લીંબડી, બોટાદ, જામનગર, પાલિતાણા, આણંદ, સાણંદ, નડિયાદ, બોરસદ, પેટલાદ, નાર, ધર્મજ, નાંદિયા, પીંપળગાંવ વગેરે દૂર-દૂરના ગામો અને શહેરોથી ભક્તજનોનો પ્રવાહ અવરિત આવતો હતો.

માનવ-મહેરામણમાં ભરતી આવ્યે જ જતી હતી. બપોરના બાર વાગ્યા અને ચતુર્વિધ શ્રી સંઘની વિશાળ હાજરીમાં સ્વર્ગસ્થ આચાર્યદેવના દેહની અંતિમ વિધિઓ અંગેની ઉછામણી ચાલુ થઈ. બોલીઓનો આંક હજારો ઉપર હજારોનો થવા લાગ્યો. ખંભાતના અને બહારગામના ભક્તજનો ગુરુદેવના એ દેહની અંતિમ ભક્તિનો લાભ લેવા જાણે હરિફાઈમાં ઊતર્યા હતા. કુલ ઉછામણી ૬૦ હજાર ઉપર થઈ. જે વર્તમાન ઈતિહાસમાં રેકોર્ડ સમાન હતી.

**ટૂંકમાં બોલીઓ આ પ્રમાણે થઈ હતી.**

૧. પાલખીમાં પધરાવવાના :- રૂ. ૭૦૦૧ શ્રી કાંતિલાલ ચીમનલાલ કોલસાવાળા, અમદાવાદ.

૨. વિલેપન કરવાના :- રૂ. ૩૫૦૧ શ્રી ગોવિંદજી જેવતખોના, મુંબઈ.

૩. જમણી બાજુ આગળ ધૂપ લેવાના :- રૂ. ૧૫૫૧ શ્રી છોટાલાલ નગીનદાસ, પીંપળગામ,

૪. જમણી બાજુ પાછળ ધૂપ લેવાના :- રૂ. ૨૦૦૧ શ્રી મનરૂપજી અચલદાસ, પિંડવાડા.

૫. ડાબી બાજુ આગળ ધૂપ લેવાના :- રૂ. ૧૫૦૧ શ્રી મિશ્રીમલ કુંદનમલ, અમદાવાદ.

૬. ડાબી બાજુ પાછળ ધૂપ લેવાના :- - શ્રી કાંતિલાલ પૂનમચંદ, અમદાવાદ

૭. જમણી બાજુ આગળ પાલખી ઉપાડવાના :- રૂ. ૩૦૦૧ શ્રી રમણલાલ વજેચંદ, ખંભાત.



૮. જમણી બાજુ પાછળ પાલખી ઉપાડવાના :- રૂ. ૩૨૦૧ શ્રી બકુભાઈ મણીલાલ, અમદાવાદ.

૯. ડાબી બાજુ આગળ પાલખી ઉપાડવાના :- રૂ. ૪૧૦૧ શ્રી છગનલાલ કસ્તૂરચંદ, ખંભાત.

૧૦. ડાબી બાજુ પાછળ પાલખી ઉપાડવાના :- ૩૦૦૧ શ્રી હીરાલાલ મણીલાલ, ગીરધરનગર.

આ બધી ઉછામણીઓ બોલાયા બાદ પૂજ્યપાદ ગુરુદેવશ્રીના પવિત્ર દેહને અગ્નિ સંસ્કાર કરવાની ઉછામણીમાં તો ભારે હરિફાઈ જામી. આરાધ્યપાદ ગુરુદેવશ્રીના પરમભક્ત પિંડવાડાના યુવાન શ્રી ખૂબચંદ અચલદાસજી ૩૦ હજાર રૂ. સુધી તો બોલ્યા પરંતુ તેનો આખરી આદેશ તો કલકત્તાવાળા કાંકરિયા કુટુંબના એક ભાગ્યવાન આત્માવતી રૂ. ૩૧૦૦૧ બોલીને રાણપુરવાળા શ્રી નરોત્તમભાઈએ પ્રાપ્ત કર્યો. ધન્ય છે એ ગુરુભક્તોને ....... !

## અદ્‌ભુત સ્મશાન યાત્રા

બપોરના વિજય મહૂર્તે પાલખી નીકળવાની તૈયારી થઈ. પૂજ્યઆચાર્યદેવ વિજય રામચંદ્રસૂરીશ્વરજી મ. વગેરે મુનિવરોએ રડતી આંખે પૂજ્યપાદશ્રીના પરમ પવિત્ર દેહનાં અંતિમ દર્શન કર્યાં. ભક્ત મુનિવરો તો ધ્રુસકે ધ્રુસકે રડી રહ્યા હતા. 'શું સાહેબજી આપણને મૂકીને ચાલ્યા જશે ? ''

જય જય નંદા, જય જય ભદ્દા' ના ગગન ભેદી નાદો સાથે પાલખીને બહાર લાવવામાં આવી અને સ્મશાન-યાત્રા ચાલુ થઈ. આ વિરાટ ને અભૂતપૂર્વ સ્મશાન-યાત્રામાં ખંભાતના જૈન જૈનેતરો સહિત લગભગ ૧૦ હજારની જંગી માનવ-મેદની જોડાઈ હતી.

બાહારગામથી આવનારા શ્રી જીવતલાલ પ્રતાપશી, ગોવિંદજી જેવતખોના, બાબુભાઈ એરોવાળા, મણિભાઈ માટુંગાવાળા, જેઠાભાઈ ઘીવાળા, બાવચંદ રામચંદ, કાંતિલાલ ચીમનલાલ કોલસાવાળા, કચરાભાઈ હઠીસિંગ, રતિલાલ નાથાલાલ, મોહનલાલ જમનાદાસ, નરોત્તમભાઈ મયાભાઈ , અમૃતલાલ દલસુખભાઈ હાજી, ચંદ્રકાંત બકુભાઈ, બબાશેઠ, ચંદુલાલ સી. શાહ, શ્રીકાંતભાઈ,

હરગોવિંદભાઈ મણિયાર, લાલચંદ રાજમલ, હીરાલાલ મણિલાલ, સુબોધચંદ્ર લાલભાઈ, ખૂબચંદ અચલદાસ, લાલચંદ છગનલાલ, દેવીચંદજી, મનસુખલાલ ચુનિલાલ, બાબુભાઈ ધ્રાંગધ્રાવાળા, નરોત્તમભાઈ રાણપુરવાળા આદિ લગભગ ૨૦૦૦ ભક્તજનો આ સ્મશાન-યાત્રામાં જોડાયા હતા !

સ્મશાન યાત્રામાં જોડાયેલી આ જંગી માનવ-મેદની એક દોઢ માઈલ સુધીના માર્ગો ઉપર બન્ને બાજુ જામેલી નગરજનોની લાંબી કતારોની વચ્ચેથી દેવવિમાનશી શોભતી પાલખી આગળ વધી રહી હતી. લાભ લેવાની ભાવનાથી પડાપડી કરતી માનવ-મેદનીને કાબૂમાં રાખવાનું કામ સ્વયં સેવકો અને પોલીસ ટુકડી માટે મુશ્કેલ બની ગયું હતું.

ગુલાલના ગોટાઓથી દશે દિશાઓ ભરાઈ ગઈ હતી. કાંસી જોડા બજાવતી ભજન મંડળીઓના અવાજો, આકાશને કરુણ સ્વરોથી ભરી દેતા બેન્ડના સરોદો અને 'જય જય નંદા, જય જય ભદ્દા' ના બુલંદ અવાજોથી ખંભાતના રાજમાર્ગો ગાજી ઊઠ્યા હતા !

માર્ગમાં ઠેરઠેર જૈન-જૈનેતરોની જંગી મેદની સ્વર્ગસ્થ ગુરુદેવના દેહને ચોખાથી વધાવીને ભાવભરી શ્રદ્ધાંજલિ અર્પતી હતી. અઢીથી ત્રણ કલાક સુધી ખંભાતના રાજમાર્ગો ઉપર ફરેલી આ સ્મશાન યાત્રામાં શેઠ છગનલાલ કસ્તૂરચંદની પેઢી તરફથી ગરીબોને હજારો રૂપિયાનું પરચૂરણ અને ધન-ધાન્ય આપાયું હતું.

દેવોને પણ દર્શનીય આ અદ્‌ભુત સ્મશાન-યાત્રા, લગભગ ચાર વાગે જનરલ હોસ્પીટલની સામે અને કેમ્બે હાઈસ્કૂલની પાસેના વિશાળ મેદાનમાં આવી પહોંચી. ત્યાં આવેલી શ્રી રમણલાલ વજેચંદ, શાંતિલાલ ઉજમશી, ચંદ્રકાંત ઉજમશી, રતનલાલ ચોકસીની માલીકીની મોકાની જગ્યાએ રચવામાં આવેલી ચંદન કાષ્ટની ચિતા પર પાલખી પધરાવી ! અગ્નિ સંસ્કાર માટે ખાસ અમદાવાદથી લગભગ ૧૦૦ કીલો ચંદન- કાષ્ટ લાવવામાં આવ્યું હતું. સ્મશાન યાત્રાનો સંપૂર્ણ ખર્ચનો લાભ શેઠ છગનલાલ કસ્તૂરચંદની પેઢી તરફથી લેવામાં આવ્યો હતો !

નગરપાલિકા પ્રમુખ શ્રી રણજીતરાય શાસ્ત્રી વગેરેએ વહેલી સવારથી ત્યાં હાજર રહીને કરેલી સુંદર વ્યવસ્થા મુજબ, વિશાળ મેદની ચિતાની આસપાસ શાંતિથી ગોઠવાઈ ગઈ. જીવદયાની લગભગ ૧૦ હજારની ટીપ થયા પછી કલકત્તાવાળા ભાગ્યવાનો તરફથી અગ્નિ સંસ્કારની બોલી બોલનાર શ્રાદ્ધવર્ય



નરોત્તમભાઈએ અશ્રુપૂર્ણ નયને પૂજ્ય ગુરુદેવશ્રીના સંયમપૂત દેહને અગ્નિ સંસ્કાર કર્યો. ભડભડતી જ્વાળાઓ પ્રગટી. એ જ્વાળાઓમાં ગુરુદેવનો પાર્થિવ દેહ સદાને માટે અલોપ થવા માંડ્યો. થોડાક કલાકમાં બધુંય ભસ્મ થઈ ગયું !

ભક્તોના હૈયા રડી ઊઠ્યાં ! ભારતનો મહાન સંત ગયો ! જિન શાસનના ગગનાંગણમાં તેજ રેલાવતો સિતારો સદાને માટે આથમી ગયો ! લાખોના પરમ શ્રદ્ધેય ગયા ! હજારોનો તારણહાર ગયો ! સેંકડો સાધુ-સાધ્વીઓનો ધર્મ-જીવન-સુકાની ગયો ! પ્રાણનોય પ્રાણ ગયો !

અનંત અનંત વંદન હો એ વિશ્વવત્સલ મહાન વિભૂતિને ........ !

## ★ અનુમોદનનો અમૃતથાળ ★★★

પૂ.ગુરુદેવ ધર્નતીર્થપ્રભાવક આ.ભ.શ્રીમદ્‌વિજયમિત્રાનંદનસૂરીશ્વરજી મહારાજના સંસારી ગામ મસૂરમાં શ્રી સુમતિનાથ જિનાલયન શતાબ્દી નિમિત્તે પૂજ્યશ્રીના કૃપાપાત્ર પટ્ટધર આગમ શિલ્પાદિ વિશારદ, વિશદવ્યાખ્યાયન કાર પૂ.આ.ભ.શ્રીમદ્‌વિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજ આદિ.ઠા.૪ તથા પૂ.આ.શ્રી ભદ્રિકાશ્રીજીમ. આદિ.ઠા. ૪ નો તા. ૪-૩-૨૦૧૮ ફા.વ.૩ રવિવારે નગર પ્રવેશ થયો. પૂજ્યશ્રીના આગમનથી સમગ્ર મસૂરની રોનક બદલાઈ ગઈ છે. નવી ચેતનાનો સંસાર થયો છે. ઉપાશ્રય જિનાલય ગુરુમંદિરને કાર્યો વેગથી ચાલતી રહ્યાં છે. પૂજ્યશ્રીનું અમુલ્ય માર્ગદર્શન મળી રહ્યું છે. તા. ૨૪-૩-૨૦૧૮ ચૈ.સુ.૭ શનિવારે શતાબ્દીના તથા ભગવાન ભગવાનનાં પ્રતિષ્ઠાદીના કેટલાક ચઢાવા થયાં મસૂરના તથા આજુ બાજુના તમામ પ્રદેશમાં ન થયા હોય તેવા રેકોર્ડ ચઢાવા થયા. ચઢાવાનું ટોટલ આઠ આંકડામાં થયું. હજી કેટલાક ચઢાવા બાકી છે. ગામમાં માત્ર ૫૧ ઘર જ છે.

શતાબ્દિ નિમિત્તે ૧૦૦ દિવસીય અનુષ્ઠાન ચાલુ છે. તેમાં બે દિવસનું કરાડતીર્થીતનો સંઘ પણ નિકળ્યો કરાડના શ્રી શાંતિનાથ ચૌમુખ જિનાલયની સાલગીરા, (જેનો જીર્ણોધાર પૂજ્યશ્રીના જ માર્ગદર્શનમાંથી થયો હતો.) નો પ્રસંગ પણ ચૈ.વ.૧૦ ના તેઓશ્રીની નિશ્રામાંજ ઉજવાયો. તે નિમિત્તે બાબુભાઈ પદમશીભાઈ સંઘસાધાર્મિક વાત્સલ્ય થયો.

ચૈ.વ.૧ થા ચૈ.વ.૨ બંને દિવસ થઈ ધાતુના ત્રણ પ્રતિમાજી અને ચાંજીના સિધ્ધચક્રજી નિર્માણનો કાર્યક્રમ થયો. પાષાણના શ્રી ચંદ્રપ્રભસ્વામીજી ૨૭ પ્રતિમાજીની શીખાના નગર પ્રવેશ તથા નિર્માણનો કાર્યક્રમ ચૈ.વ.૪ થી ચાલુ થયો. થોડા જ દિવસોમાં દર્શનીય- કમનીય -આહ્લાદક અને નયનરમ્ય બિંબ તૈયાર થઈ ગયું ! ખૂબજ ભવ્ય પ્રતિમા બની છે.

અત્યારે મસૂરમાં ચાલતાં અનુષ્ઠાનો-કાર્યનો વિસ્તૃત અહેવાલ લખાય તેવા શક્યવર્તી કાર્યક્રમો સંપન્ન થઈ રહ્યા છે ! એનો પ્રભાવ પણ ભાવિકો અનુભવી રહ્યા છે.

હવે વૈ.સુ.૯ તા. ૨૪-૪-૨૦૧૮ થી અંજનશાલામ પ્રતિષ્ઠાનો.

## ★ મસૂરતીર્થનો સંક્ષિપ્ત ઈતિહાસ

દક્ષિણ મહારાષ્ટ્રના અનેક ગામ-નગરોમાં અલગ છાપ લઈને ઊભું રહેલું મસૂરગામ, અને ચાર-ચાર સંપ્રતિ મહારાજાનાં બિંબોથી જાજરમાન બનેલું શ્રીસુમતિનાથ જિનાલય સો વર્ષની મઝલ કાપીને 'તીર્થ' પદવી માટે સુયોગ્ય બનેલ છે. પાંચ-પાંચ, સાત-સાત પેઢીઓથી મસૂરમાં વસતા ગુજરાતી-મારવાડી અને કચ્છી જૈનો લગભગ ૧૫૦-૧૫૦ વર્ષથી વસે છે, એ તમામ ભાવિકો પર શ્રીસુમતિનાથ ભગવાનની કૃપા વરસી રહીં છે. ગામ ઉન્નતિના માર્ગે છે. જિનરાજની વરસતી અનરાધાર કૃપાવૃષ્ટિને ગામવાસીઓ ઝીલી રહ્યા છે. ભાવિકહૈયાંઓમાં ભાવનાની ભરતી આવી રહી છે. મસૂરવાસી જૈનો નાના ગામમાં વસવા છતાં દિલના વિશાળ હોવાથી ભાવોલ્લાસ સાથે ઉપધાન કરાવ્યાં છે. પ્રસંગે-પ્રસંગે પ્રતિષ્ઠાદિ કાર્યો કરાવેલ છે.

ગામના રત્ન, ગામને જૈનજગતમાં રોશન કરનાર, મસૂરને મશહૂર બનાવનાર ધર્મતીર્થપ્રભાવક ગુરુદેવ પૂજ્યપાદ આ.ભ.શ્રીમદ્‌મિત્રાનંદસૂરીશ્વરજી મહારાજા, પૂ. મુનિરાજશ્રી સંપતવિજયજી મહારાજા, પૂ.સા.શ્રી સુમંગલાશ્રીજી મહારાજા, પૂ.સા.શ્રી અનુપમાશ્રીજી મહારાજ, પૂ. સા.શ્રી દિવ્યયશાશ્રીજી મહારાજ, પૂ. સા.શ્રી સુવર્ણલતાશ્રીજી મહારાજ આદિ અનેક દીક્ષાઓ એ મસૂરગામનું વિશિષ્ટ ગૌરવ છે. આ તમામ દીક્ષાઓ શા અમુલખ તારાચંદ પરિવારની



છે. એ સિવાય પણ કેટલીક દીક્ષાઓ મસૂર ગામના ભાગ્યવાનોની થઈ છે.

ગામની યશ કલગીનાં પીંછાઓમાં વૃદ્ધિ જ થઈ રહી છે. હવે શ્રીસુમતિનાથ જિનાલયની શતાબ્દીનો મસૂરના ઈતિહાસને સુવર્ણ ઓપ આપતો, ચાર ચાંદ લગાવતો, યશોવાદને વધારનારો, ગૌરવવંતો મહોત્સવપ્રસંગ આવી રહ્યો છે. એની ઉજવણી માટે ગામના રહીશો, ગામમાંથી બહાર જઈ વસેલા ભાગ્યશાળીઓ તથા ગામની બહેન-દીકરીઓનાં હૈયામાં અનેરો આનંદ છે. સૌનાં દિલમાં દરિયાની જેમ ભરતી આવવા લાગી છે. મહોત્સવને શાસનપ્રભાવક, ઐતિહાસિક બનાવવા માટે નાના-મોટા સૌ થનગનાટ સાથે કામે લાગી ગયા છે. તન-મન-ધન-સમયનો ભોગ આપવા તૈયાર છે. એમાંય ધનની વાત આવતાં બોલીઓનો દોર શરૂ થતાં જ તિજોરીઓ ખુલ્લી મૂકી દીધી છે ! ૫૧ ઘરનાં નાના ગામમાં રેકોર્ડ સર્જી દીધો છે.

સાથે સાથે ખંડિત થયેલા પ્રભુની જગ્યાએ નવા ભગવાન શ્રીચન્દ્રપ્રભસ્વામી (૨૭'') તથા શ્રીઆદિનાથશ્રી શાંતિનાથ ભગવાન (૧૧''-૧૧'') શ્રીપુંડરીકસ્વામી (૯''), ચાંદીના સ્ટેન્ડ સાથે સિદ્ધચક્રજી વગેરે કારણે બિંબોની અંજનવિધિ - પ્રતિષ્ઠાવિધિ પણ નિશ્ચિત થયેલ છે. કેટલાક કારણે ભગવાન તથા પાર્શ્વ-પદ્માવતી (પાંચસો વર્ષ પ્રાચીન પેશ્વાઈ કિલ્લામાંથી પ્રાપ્ત થયેલ) શ્રીમાણિભદ્રજી વગેરેની પુનઃ પ્રતિષ્ઠા પણ થશે.

ગુરુમંદિરની દિશા બદલાવી વિધિવત્ ગુરુકુલિકાનું નિર્માણ તથા પ્રતિષ્ઠાવિધિ થશે. તે પ્રસંગે વૈ.સુ.૯ થી વૈ.સુ.૧૫ સુધી સંપન્ન થશે.

પૂ.આ.ભ.શ્રીમવિજયભવ્યદર્શનસૂરીશ્વરજી મહારાજનાં શિલ્પશાસ્ત્રોક્ત માર્ગદર્શનથી તમામ કાર્યો વેગમાં ચાલી રહ્યાં છે. જિનાલય, પટમંદિરના કલરનું કામ ચાલી રહ્યું છે. શતાબ્દી પૂર્વે નવા જ રૂપ-રંગથી પરિસર દિવ્યતાનું રૂપ ધારણ કરશે. નિર્માણ પામેલાં 'સંઘ-મંગલ ભવન' તથા 'સુમતિ-મિત્ર-ભવ્યભવન' ના આદેશો અપાઈ ગયા.

તીર્થ તરફ આગળ વધી રહેલા મસૂરની કાયાપલટ થઈ રહી છે ! પૂજ્ય શ્રી પણ પોતાના પૂજ્યપાદ ગુરુદેવની જન્મભૂમિ હોવાથી વિશેષ રસ લઈ માર્ગદર્શન આપી રહ્યા છે. ગામના ભાવિકો પણ પૂજ્યશ્રીના પડતા બોલને હોંશે હોંશે ઝીલી રહ્યા છે. સંઘનાં હિતકારી કાર્યો થતાં હોવાથી પૂરો સંઘ આનંદિત છે. ધ

# આગળ રહેવામાં લાભ

**दाने पाने शयने,**

**व्याख्याने भोजने सभास्थाने ।**

**क्रय-विक्रयेऽडतिथ्ये,**

**राजकुले पूर्णफलमाद्यः ।।**

દાન આપવામાં (કે લેવામાં), પાણી પીવામાં, ઊંઘવામાં, વ્યાખ્યાન સાંભળવામાં (આગળની હરોળમાં બેસવાથી) ભોજન-જમણમાં, સભા ભરાઈ હોય તેમાં, વસ્તુ-માલની ખરીદી કે વેચાણ ચાલતું હોય તેમાં, અતિથિના સત્કારમાં તથા રાજકુળમાં આગળ રહેવામાં પૂર્ણ ફળની પ્રાપ્તિ થાય છે.